**રાજકોટના મહે. ૧૧ માં અધિક સી. સીવીલ જજ અને અધિક ચીફ જયુડી. મેજી., સાહેબની કોર્ટમાં,**

<u>ક્રિમીનલ કેસ નંબર : ૧૮૪૭૨/૨૦૨૨</u>

આંક : ૮

ફરીયાદી:– શ્રી સરકાર.

**<u>વિરૂઘ્ધ</u>**

આરોપી:– ગીતાબેન વિનોદભાઈ મકવાણા

**<u>ગુન્હો:– ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૫ એ.એ. મુજબ.</u>**

# <u>// ચૂકાદો //</u>

(૧).. આરોપી સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ પ્રોહીબંધક એરીયામાં વગર પાસ પરમીટનો દેશી દારૂ પોતાના કબજામાં રાખી પોલીસની રેડ દરમ્યાન હાજર મળી આવી, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, ગુનો નોંધી, આરોપીને અટક કરેલ. તપાસના અંતે ઉપરોકત ગુનાનું ચાર્જશીટ આ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારુ રજુ કરેલ છે.

(૨).. હાલના આરોપી અદાલત રુબરુ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપી વિરુધ્ધ આંક–૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંક– ૦૭ થી આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને તે મતલબની આંક–૦૬ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતીના છે. જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩).. આજરોજ અદાલતમાં આરોપી તરફેની રજુઆત ઘ્યાને લેતાં અને કેસનું રેકર્ડ ઘ્યાને લેતાં તથા ક્રિમીનલ અપીલ નંબર : ૪૭૭/૦૨ વિગેરેના કામે *State Of Gujarat vs Natwar Harchandji Thakor* ના ચુકાદાના પેરા–૮૬ માં ઠરાવેલ છે કે,

> *"86. In short, in our conclusions on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the requirements and on proof of existence of special and adequate reasons for a first offense, the Court is empowered and entitled to award less than*

*minimum sentence of finding accused guilty either by evidence or by raising "plea of guilty" and judicial directions and prescription of special format contrary to the statutory provisos as observed by us, hereinabove, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three decisions relied on by the State are not affirmed and approved by us to the extent as stated above fot the elaborate reasons and factual matrix and legal profile given here in above and upon true and correct interpretation and legislative internments, forensic and jurisprudential exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and proviso to Section 66 and 85, so far as first offence is concerned."*

આ ચુકાદાને ધ્યાને રાખવામાં આવે તો, ખાસ અને સ્પેશચલ કારણો હોચ અને પ્રથમ ગુનો હોચ તેવા સંજોગોમાં અદાલત જયારે આરોપી ગુનો કબુલ કરે અગર તો પુરાવાથી કેસ સાબીત થાચ તેવા સંજોગોમાં જે કાચદામાં ઓછામાં ઓછી સજા નકકી કરેલ હોચ તેના કરતા પણ અદાલત ઓછી સજા કરી શકે છે. આ પ્રકારનુ નીરીક્ષણ ધ્યાને લેતા, આરોપીનો આ પ્રકારનો પ્રથમ ગુનો હોચ, આ પ્રકારનું નીરીક્ષણ ધ્યાને લેતાં તથા આરોપીની સ્વૈચ્છીક કબુલાતને ધ્યાનમાં લેતા આરોપીને હળવામાં હળવી સજા કરવાનો હુકમ કરવો ચોગ્ય જણાય છે. વધુમાં આરોપી તરફેની કબુલાત ધ્યાને લેતાં આરોપીએ સ્વૈચ્છાએ કબુલાત કરે છે અને સદરહું કબુલાત બીનકેફે કે કોઈ ગેરરજુઆત વગર કરવામાં આવેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે અને હવે બીજી વખત આવા પ્રકારનો ગુનો નહી કરે તેવી ખાત્રી આપતા હોચ જે ધ્યાને લેતાં આરોપીએ જે કબુલાત આપેલી છે તે સ્વૈચ્છીક હોચ તેવુ જણાઈ આવે છે. નશાબંધી અધિનિયમની કલમ–૬૫ એ.એ. માં ૩ વર્ષ સુધીની અને દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપી એવી રજુઆત કરે છે કે અમોને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી છે અને અમને વધુ જેલમાં રાખવામાં આવશે તો અમારા પરીવારજનોનું ભરણપોષણ થઈ શકે તેમ નથી અને તેમને ઓશીયાળુ જીવન જીવવાની પરિસ્થિતી ઉપસ્થિત થાચ તેમ છે. આ કેસની હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫ એ.એ. મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ : ૧૩મી, માંહે : ઓગષ્ટ, સને : ૨૦૨૨ ના રોજ યોજાયેલ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૩/૦૮/૨૦૨૨

**(દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)**
૧૧ માં અધિક ચીફ જયુડી. મેજી., રાજકોટ
U.I.C. NO. GJ00973